WESTERN TIMES, AHMEDABAD
SATURDAY, APRIL 8, 2006

# Plethico Pharma IPO price band fixed at Rs 280-300



Mr. Shashikant Patel Chairman & MD of Plethico Pharmacheuticals Ltd., Mr. Sanjay Pai & Mr. Premal Doshi are also seen.

**Ahmedabad,**
The 100% book-built initial Public Offer (IPO) of Plethico Pharmaceuticals Ltd., pharmaceutical companies in the herbal and nutraceuticals space having global presence, will open for subscription on April 10, 2006 and close on April 17, 2006.

Plethico to raise Rs 110 crore through the IPO. The price band has been fixed at Rs 280 to Rs 300. Of the total issue, 40% will be allocated to the Retail Investors.

Mr Shashikant Patel, Chaiman & MD said, "Our motto is 'Pledged to Ethics' and we strongly believe that this IPO will enable investors to participate in our success story. We have been in the pharma business for over 40 years. We are a fast growing company and our past track record is a testimony to the pace at which we have grown."

For the year ended September 2005, it had a total gross block of Rs 115.51 crore. It recorded total revenues of Rs 224.48 crore in 2004-05 and Rs 64.21 crore for the quarter ended December 2005, with PAT of Rs 56.13 crore and Rs 18.54 crore, respectively.

Anand Rathi Securities Pvt. Ltd. is the sole Book running Lead manager and Intime Spectrum Registry ltd. is the registrar to the issue.

વેસ્ટર્ન ટાઈમ્સ

# રૂ. ૨૮૦-૩૦૦ના પ્રાઈઝ બેન્ડથી પ્લેથીકો ફાર્મા ૧૦મીએ મૂડીબજારમાં



*પ્લેથીકો ફાર્માસ્યુટીકલ્સ લિ. ના જાહેર ભરણા પ્રસંગે કંપનીના ચેરમેન - મેને. ડીરેક્ટર શ્રી શશીકાંત પટેલ, ચીફ ફાયનાન્સીયલ ઓફિસર સંજય પાઈ અને લીડ મેનેજર પ્રેમલ દોશીએ પત્રકારોને કંપનીની વિસ્તૃત જાણકારી આપી હતી.*

**અમદાવાદ,**
હર્બલ અને ન્યુટ્રાસ્યુટીકલ ક્ષેત્રમાં વૈશ્વિક હાજરી ધરાવતી ૪૦ વર્ષથી કાર્યરત પ્લેથીકો ફાર્માસ્યુટીકલ્સ લિ. શેરદીઠ રૂ. ૨૮૦થી રૂ. ૩૦૦ની પ્રાઈઝબેન્ડથી રૂ. ૧૧૦ કરોડ ઉઘરાવવા માટે કંપની ૧૦૦ ટકા બુક બિલ્ટ મારફત આગામી ૨૦મી એપ્રિલના રોજ મૂડી બજારમાં પ્રવેશનાર છે. ઈશ્યુ ૧૭મી એપ્રિલના રોજ બંધ થશે.

કુલ ઈસ્યુમાંથી ઓછામાં ઓછા ૪૦ ટકા શેર રીટેઈલ રોકાણકારો માટે ફાળવવામાં આવ્યા છે.

કંપનીના ચેરમેન શશીકાંત પટેલે જણાવ્યું હતું કે જાહેર ભરણામાં રોકાણકારો ચોક્કસપણે અમારી સફળતાના ભાગીદારો બનશે અને અમારા ૪૦ વર્ષના વ્યવસાયના અનુભવનો ઉપયોગ કરી અમે અમારી પ્રગતિ જાળવી રાખીશું.

કંપનીના ચીફ ફાયનાન્સીયલ ઓફિસર સંજય પાઈએ કંપનીના નાણાંકીય પરિણામોની માહિતી આપતાં જણાવ્યું હતું કે કંપનીએ ૨૦૦૪-૦૫ના વર્ષમાં ૨૨૪.૪૮ કરોડનું ટર્ન ઓવર કર્યું હતું. અને ચોખ્ખો નફો રૂ. ૫૬.૧૩ કરોડનો થયો હતો અને ડિસેમ્બર ૨૦૦૫નું ત્રિમાસિક ટર્ન ઓવર રૂ. ૬૪.૨૧ કરોડ નોંધાયો હતો.

ઈશ્યુના બુક રનીંગ લીડ મેનેજર આનંદ રાઠી સિક્યુરીટીઝ અને ઈનટાઈમ સ્પેક્ટ્રમ રજીસ્ટ્રાર તરીકેની કામગીરી કરશે.